©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ]** **THURSDAY, JANUARY 22, 2026 / MAGHA 2, 1947** **[ No. 4**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તારીખઃ ૧લી જાન્યુઆરી, ૨૦૨૬ના સરકારી જાહેરનામા ક્રમાંક: કેપી/૨૦૨૫નો ૫૪/પીઆરએચઆરડીડી/વીબીએન/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૫/ ૨૬૩૧/ચ.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**રાજેશ આર. રાઠોડ,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Under***

**The Constitution of India**

**ભારતના સંવિધાન હેઠળ**

**જાહેરનામું**

**પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,**

સચિવાલય, ગાંધીનગર, ૧લી જાન્યુઆરી, ૨૦૨૬

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંક: કેપી/૨૦૨૫નો ૫૪/પીઆરએચઆરડીડી/વીબીએન/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૫/૨૬૩૧/ચ.:-** ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭ સાથે વાંચતા, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ના ખંડ (જ)થી મળેલી સત્તાની રૂએ અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત સાથે વિચારવિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી,-

(૧) અનુસૂચિના કોલમ ૪માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારમાંથી, કોલમ ૬માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત કરે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૮માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારોનું બનતું, કોલમ ૭માં દર્શાવેલું નવું ગામ નિર્દિષ્ટ કરે છે.

**અનુસૂચિ**

| અનુ-ક્રમાંક. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | વિદ્યમાન ગામનું નામ | વિદ્યમાન ગામમાં આવરી લીધેલા સ્થાનિક વિસ્તારો | વિદ્યમાન ગામમાંથી બાકાત કરેલા સ્થાનિક વિસ્તારો | નવા બનેલા ગામનું નામ | નવા ગામમાં આવરી લીધેલા વિસ્તારો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | સાબરકાંઠા | ઇડર | ગુલાબપુરા | ૧. ગુલાબપુરા<br>૨. અચરાલ<br>૩. મહીવાડા | મહીવાડા | ગુલાબપુરા | ૧. ગુલાબપુરા<br>૨. અચરાલ |
| | | | | | | મહીવાડા | ૧. મહીવાડા |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**દર્શન દેસાઈ,**

સરકારના ઉપસચિવ.

----------

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના કાયદા વિભાગના તારીખઃ ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૨૫-ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીકે/૨૩/એલડી/એમએસએમ/ઇ-ફાઇલ/૧૨/૨૦૨૫/૨૬૭૩/એફ૧ સેક્શન-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**રાજેશ આર. રાઠોડ,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Regarding***

**Amendment to the Section Officer (Legal), Class III (Department Examination) Rules, 2021**

**સેક્શન અધિકારી (કાયદા), વર્ગ ૨ (ખાતાકીય પરીક્ષા) નિયમો, ૨૦૨૧ સુધારવા સંબંધી**

**જાહેરનામું**

**કાયદા વિભાગ,**

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૨૫

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંક: જીકે/૨૩/એલડી/એમએસએમ/ઈ-ફાઈલ/૧૨/૨૦૨૫/૨૬૭૩/એફ૧ સેક્શન:-** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, સેક્શન અધિકારી (કાયદા), વર્ગ ૨ (ખાતાકીય પરીક્ષા) નિયમો, ૨૦૨૧ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો સેક્શન અધિકારી (કાયદા), વર્ગ ૨ (ખાતાકીય પરીક્ષા) (સુધારા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. સેક્શન અધિકારી (કાયદા), વર્ગ ૨ (ખાતાકીય પરીક્ષા) નિયમો, ૨૦૨૧માં, પરિશિષ્ટ 'ક' માં, પ્રશ્નપત્ર-૨, 'ફોજદારી કાયદા' માં, નોંધ ક્રમાંક ૧, ૨ અને ૩ ને બદલે, નીચેની નોંધ અનુક્રમે મૂકવી:-

| ક્રમાંક | વિષય/અધિનિયમ | કલમ/અનુચ્છેદ/નિયમ/પ્રકરણ | ગુણ |
|---|---|---|---|
| ૧ | ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩. | ૧૮, ૧૯, ૨૦, ૨૫૮, ૪૧૮, ૪૧૯, ૪૮૨, ૪૮૩, ૫૨૮. | ૫૦ ગુણ". |
| ૨ | ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩. | પ્રકરણ ૫, પ્રકરણ ૬, પ્રકરણ ૭, પ્રકરણ ૧૭, પ્રકરણ ૧૮, પ્રકરણ ૧૯, કલમ ૬૨. | |
| ૩ | ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૨૦૨૩. | ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૬૫, ૭૪, ૯૦, ૧૧૮, ૧૪૨, ૧૪૩, ૧૪૪, ૧૪૬(૧), ૧૫૧. | |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**પી. એમ. પટેલ,**

સરકારના નાયબ સચિવ.

----------

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ: ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૨૫-ના સરકારી જાહેરનામા ક્રમાંક: કેવી/૨૦૨૫નો ૩૪૨ યુડીયુએચડી/એફઓએમ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૫/૦૭૩૬/એમ સેક્શન-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**રાજેશ આર. રાઠોડ,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Under***

**The Gujarat Municipalities Act, 1963**

**ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ**

**જાહેરનામું**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૨૫

**ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.**

**ક્રમાંકઃ કેવી/૨૦૨૫નો ૩૪૨ યુડીયુએચડી/એફઓએમ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૫/૦૭૩૬/એમ સેક્શન:-** ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૫ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ: ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંક: કેવી/૨૦૨૫નો ૩૩૫ યુડીયુએચડી/એફઓએમ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૫/૦૭૩૬/એમ સેક્શન-થી અમુક વિસ્તારોને બેચર-બેચરાજી નગરપાલિકા તરીકે જાહેર કર્યા છે.

અને વસતી ગણતરી-૨૦૧૧ના આધારે જાહેર કર્યા પ્રમાણે બેચર-બેચરાજી નગરપાલિકાના વિસ્તારોની વસતીના આંકડા અનુસાર ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમો ૬ અને ૭-ની જોગવાઈઓને પણ ધ્યાનમાં રાખીને, વોર્ડ અને કાઉન્સિલરની બેઠકોની સંખ્યા અને અનુસૂચિત જાતિઓ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે અનામત રાખવાની બેઠકોની સંખ્યા સુનિશ્ચિત કરવી જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૭ની પેટા-કલમ (૨) અને કલમ ૬ની પેટા-કલમો (૨) અને (૩)થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર, આથી, નીચે પ્રમાણે નક્કી કરે છે:-

(૧) બેચર-બેચરાજી નગરપાલિકાના વિસ્તારો, ૬ (છ) વોર્ડમાં વિભાજિત થશે અને નગરપાલિકા ૨૪ (ચોવીસ) કાઉન્સિલરનું બનશે.

(૨) કાઉન્સિલરની ૨૪ (ચોવીસ) બેઠકોમાંથી,-

- (૧) ૧ (એક) બેઠક, અનુસૂચિત જાતિઓની વ્યક્તિઓ માટે અનામત રહેશે;
- (૨) ૬ (છ) બેઠકો, પછાત વર્ગોની વ્યક્તિઓ માટે અનામત રહેશે, જેમાંથી ત્રણ (૩) બેઠકો, પછાત વર્ગોની સ્ત્રીઓ માટે અનામત રહેશે;
- (૩) ૧૨ (બાર) બેઠકો, સ્ત્રીઓ ઉપર ઉલ્લેખ્યા પ્રમાણે (અનુસૂચિત જાતિઓ અને પછાત વર્ગોની સ્ત્રીઓ માટેની અનામત રાખેલી બેઠકોની સંખ્યા સહિત) માટે અનામત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**મનીષ સી. શાહ,**

સરકારના નાયબ સચિવ.

----------

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના તારીખઃ ૯મી નવેમ્બર, ૨૦૨૪ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીવાયસી/૦૫/૨૦૨૪/એસવાયસીએડી/ઓઓએલ/ઈ-ફાઈલ/૧૯/૨૦૨૨/૦૩૭૦/એફ -ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**રાજેશ આર. રાઠોડ,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Regarding***

**The Translator or Research Assistant, Class III, Competitive Examination Rules, 2024**

**ભાષાંતરકાર અથવા સંશોધન મદદનીશ, વર્ગ ૩, સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, ૨૦૨૪ સંબંધી**

**જાહેરનામું**

**રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૯મી નવેમ્બર, ૨૦૨૪

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંક: જીવાયસી/૦૫/૨૦૨૪/એસવાયસીએડી/ઓઓએલ/ઈ-ફાઈલ/૧૯/૨૦૨૨/૦૩૭૦/એફઃ-** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમોને રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ભાષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, ભાષાંતરકારો અથવા સંશોધન મદદનીશો, વર્ગ ૩-ની જગા ઉપર ભરતી માટેની પરીક્ષાની પદ્ધતિનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. ટૂંકી સંજ્ઞા અને આરંભ.-

(૧) આ નિયમો, ભાષાંતરકાર અથવા સંશોધન મદદનીશ, વર્ગ ૩, સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, ૨૦૨૪ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. વ્યાખ્યાઃ- આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) “પરિશિષ્ટ” એટલે આ નિયમો સાથે જોડેલું પરિશિષ્ટ;

(ખ) “આયોગ” એટલે ગુજરાત જાહેર સેવા આયોગ (જિ.પી.એસ.સી.);

(ગ) “પરીક્ષા” એટલે ભાષાંતરકાર અથવા સંશોધન મદદનીશ, વર્ગ ૩-ની જગા પર ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષા.;

(ઘ) “સરકાર” એટલે ગુજરાત સરકાર;

(ચ) “જગા” એટલે ભાષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, ભાષાંતરકાર અથવા સંશોધન મદદનીશ, વર્ગ ૩-ની જગા;

(છ) “ઠરાવેલું” એટલે આયોગે કરેલા વિનિયમોથી ઠરાવેલું;

(જ) “સંબંધિત ભરતી નિયમો” એટલે ભાષાંતરકાર અથવા સંશોધન મદદનીશ, વર્ગ ૩-ની જગા માટે સરકારે ઠરાવેલા ભરતી નિયમો.

3. પરીક્ષા યોજવા બાબત.-

(૧) આયોગે, સરકાર પાસેથી માંગણી પત્રક મળ્યેથી, ભાષાંતરકાર અથવા સંશોધન મદદનીશ, વર્ગ ૩-ની જગા પર ભરતી માટે ઉમેદવારોની પસંદગી માટે, પરીક્ષા યોજવી જોઇશે.

(૨) આયોગે, પરીક્ષા જે રીતે યોજવી જોઇશે તે રીત નક્કી કરવી જોઇશે.

(૩) પરીક્ષાની તારીખ, સમય અને સ્થળો, આયોગ દ્વારા નક્કી કરવામાં આવશે.

(૪) ઉમેદવારે, આયોગ જાહેર કરે તેવી તારીખે, સમયે અને સ્થળોએ, સ્વ-ખર્ચે, ઉપસ્થિત રહેવાનું રહેશે.

૪. પરીક્ષા પદ્ધતિ.-

પરીક્ષા, પરિશિષ્ટમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે ત્રણ પ્રશ્નપત્રોના સ્વરૂપમાં લેખિત કસોટી રહેશે.

૫. અભ્યાસક્રમ.-

આયોગ, પરિશિષ્ટમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે દરેક પ્રશ્નપત્રના અભ્યાસક્રમની વિગતો નક્કી કરશે.

૬. પરીક્ષામાં ઉપસ્થિત રહેવા બાબત.-

(૧) પરીક્ષામાં ઉપસ્થિત રહેવા ઈચ્છતા ઉમેદવારોએ, આયોગ દ્વારા ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, તેટલી સમયમર્યાદાની અંદર સરકાર દ્વારા નક્કી કરવામાં આવે તેટલી ફી સાથે અરજી રજૂ કરવી જોઈશે.

(૨) આયોગ દ્વારા ઠરાવવામાં આવે તેવી રીતે ફી ભરવી જોઈશે. કોઈપણ સંજોગોમાં એક વખત ભરી દીધેલી ફીનું રિફંડ આપવામાં આવશે નહિ અથવા તે ફી આગામી પરીક્ષા માટે રાખી શકાશે નહિ.

૭. પાત્રતા.-

(૧) ઉમેદવાર પરીક્ષામાં પ્રવેશ મેળવવા માટે લાયક ગણાશે નહિ સિવાય કે તે,-

(ક) ભારતનો નાગરિક; અથવા

(ખ) નેપાળનો પ્રજાજન; અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન; અથવા

(ઘ) ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી સન ૧૯૬૨ ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખ પહેલાં ભારતમાં આવેલો તિબેટી નિર્વાસિત; અથવા

(ચ) પાકિસ્તાન, મ્યાનમાર, શ્રીલંકા, કેન્યાના પૂર્વ આફ્રિકાના પ્રદેશો, યુગાન્ડા, ટાન્ઝાનિયા, ઝામ્બિયા- ના સંયુક્ત પ્રજાસત્તાક, મલાવી, ઝૈર, ઇથીઓપીયા અને વિયેટનામમાંથી ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી સ્થળાંતર કર્યું હોય તેવી ભારતીય મૂળની વ્યક્તિ હોયઃ

પરંતુ (ખ), (ગ), (ઘ) અને (ચ)ની કક્ષાના ઉમેદવારોએ, સરકારે કાઢી આપેલું પાત્રતા પ્રમાણપત્ર રજૂ કરવું પડશે.

(૨) જેણે, યોગ્યતા પ્રમાણપત્ર રજૂ કરવું જરૂરી હોય તેવા ઉમેદવારને આયોગ દ્વારા લેવાતી પરીક્ષામાં ઉપસ્થિત રહેવાની પરવાનગી આપવામાં આવશે અને સરકારે નક્કી કર્યા પ્રમાણેના સમયમાળખાની અંદર પાત્રતા પ્રમાણપત્ર રજૂ કરવાની બાબતને અધીન રહીને, તેને કામચલાઉપણે પણ નિમણૂક આપી શકાશે.

૮. એકાધિક લગ્નના કારણે નિમણૂક માટેની ગેરલાયકાત.-

(૧) (ક) જો પુરુષને એક કરતા વધુ પત્ની હયાત હોય તેવો કોઇ પુરુષ; અને

(ખ) જો અગાઉથી જેની બીજી પત્ની હયાત હોય તેવા પુરુષ સાથે લગ્ન કર્યા હોય તેવી કોઇ સ્ત્રી,

- સરકાર હેઠળની કોઇ સેવા પર પર નિમણૂક માટે પાત્ર થશે નહિઃ

પરંતુ તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદાની જોગવાઇઓને અધીન રહીને, સરકારને, એવી ખાતરી થાય કે તેમ કરવા માટેના ખાસ કારણો છે, તો તે, આ નિયમના અમલમાંથી કોઇ વ્યક્તિને મુક્તિ આપી શકશે.

(૨) સરકાર હેઠળની સેવા અથવા જગા પર નિમણૂક માટે દરેક ઉમેદવારે, તે અથવા યથાપ્રસંગ, તેણી, પરિણીત છે કે કેમ અને અરજદાર કે જે પુરુષ ઉમેદવાર હોય તેના કિસ્સામાં, તેને એક કરતા વધુ પત્ની હયાત છે કે કેમ અને અરજદાર કે જે સ્ત્રી ઉમેદવાર હોય તેના કિસ્સામાં, જેને બીજી પત્ની હયાત હોય તેવા પુરુષ સાથે, તેણીએ લગ્ન કર્યા છે કે કેમ તે જાહેર કરવું જોઇશે.

૯. વયમર્યાદા.-

પ્રવેશ માટે ઉમેદવાર, લઘુતમ ૨૦ વર્ષની વય ધરાવતો હોવો જોઇશે અને આયોગ જાહેરાતમાં નિર્દિષ્ટ કરે તેવી તારીખે સંબંધિત ભરતી નિયમોમાં ઠરાવેલી મહત્તમ વય ધરાવતો હોવો જોઇશે નહિ.

૧૦. શૈક્ષણિક લાયકાત.-

જગા માટેના સંબંધિત ભરતી નિયમો હેઠળ, નિમણૂક માટેની જરૂરી શૈક્ષણિક લાયકાતો અને બીજી લાયકાતો અને જરૂરિયાતો ધરાવતો હોય તેવો ઉમેદવાર પરીક્ષામાં પ્રવેશ માટે પાત્ર ગણાશે.

૧૧. આયોગનો નિર્ણય આખરી હોવા બાબત.-

(૧) કોઇપણ ઉમેદવારને પરીક્ષામાં ઉપસ્થિત થવાની પરવાનગી આપવામાં આવશે નહિ, સિવાય કે આયોગને એવી ખાતરી થાય કે, ઉમેદવાર,-

(ક) સંબંધિત ભરતીના નિયમો હેઠળ જરૂરી લાયકાતો ધરાવે છે અને બીજી જરૂરિયાતો પરિપૂર્ણ કરે છે;

(ખ) તેણે (ઉમેદવારે) અરજી સાથે જરૂરી ફી ભરેલી છે;

(ગ) તમામ બાબતોમાં પાત્રતા ધરાવે છે અને તમામ જરૂરિયાતોનું પાલન કરે છે; અને

(ઘ) તેણે જરૂરી દસ્તાવેજો સાથેનું પરીક્ષા માટેનું અરજી ફોર્મ આયોગને રજૂ કર્યું હશે.

(૨) પરીક્ષામાં પ્રવેશ માટેની ઉમેદવારની પાત્રતા અંગેનો આયોગનો નિર્ણય આખરી ગણાશે.

(૩) ત્યારબાદ, ઉમેદવાર, કોઈપણ સમયે પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે ગેરલાયક જણાય, તો તેની ઉમેદવારી રદ થયેલી ગણાશે અને તે, અગાઉ પસંદ થઇને નિમણૂક પામેલો હોય, તો તેની નિમણૂક શરૂઆતથી જ રદ થયેલી ગણાશે અને તેની સેવા તરત જ સમાપ્ત કરવી જોઇશે:

પરંતુ આવી કોઇપણ નિમણૂક, તેને સુનાવણી કરવાની તક આપવામાં આવી હોય તે સિવાય સમાપ્ત કરવી જોઇશે નહિ.

૧૨. લાયકી ધોરણ અને ગુણ.-

ઉમેદવારો દ્વારા પરીક્ષામાં મેળવેલા ગુણ, તેમના અંતિમ ગુણવતા ક્રમ નિર્ધારિત કરવા માટે ગણવામાં આવશે.

(૧) આયોગે, પરીક્ષા પછી, પરીક્ષામાં દરેક ઉમેદવારને આખરી મળેલા ગુણના આધારે, ગુણવત્તા ક્રમમાં ઉમેદવારોના નામો ગોઠવવા જોઈશે. ત્યારપછી, આયોગ, બિનઅનામત જગાઓના ઉમેદવારોના ભલામણના હેતુ માટે, પરીક્ષાના આધારે ભરવાની બિનઅનામત ખાલી જગાઓની સંખ્યાના સંદર્ભમાં લાયકી ગુણ, (જેનો આમાં હવે પછી, સામાન્ય લાયકી ધોરણ તરીકે ઉલ્લેખ કર્યો છે તે) નક્કી કરશે. અનામત ખાલી જગાઓ માટે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (વિચરતી અને વિમુક્ત આદિજાતિ સહિત) અને આર્થિક પછાત વર્ગના ઉમેદવારોના ભલામણ કરવાના હેતુ માટે, આયોગ, પરીક્ષાના આધારે આવા દરેક વર્ગમાં ભરવાની અનામત રાખેલી ખાલી જગાઓની સંખ્યાના સંદર્ભમાં, સામાન્ય લાયકી ગુણનું ધોરણ હળવું કરી શકશે:

પરંતુ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (વિચરતી અને વિમુક્ત આદિજાતિ સહિત)ના અને આર્થિક રીતે પછાત વર્ગોના ઉમેદવારો કે જેમણે, પરીક્ષામાં પાત્રતા અથવા પસંદગીના માપદંડમાં કોઈ છૂટછાટો અથવા રાહતો મેળવેલ ન હોય અને જે સામાન્ય લાયકી ધોરણોને ધ્યાનમાં લીધા પછી, આયોગને ભલામણ માટે યોગ્ય જણાય, તો તેની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (વિચરતી અને વિમુક્ત આદિજાતિ) અને આર્થિક રીતે પછાત વર્ગો સહિતના) માટેની અનામત રાખેલી ખાલી જગાઓ માટે ભલામણ કરવી જોઈશે નહિ.

(૨) આ નિયમની જોગવાઈઓથી ઊભી થતી અનામત ખાલી જગ્યાઓ સામે ઉમેદવારોની કોઈપણ અછત અને અનામત ખાલી જગ્યાઓ સામે નિમણૂક માટે ઉમેદવારોની કોઈપણ વધારાની જરૂરિયાતને પહોંચી વળવા માટે, આયોગ, લાયકી ધોરણને વધુ ઘટાડી શકશે.

(૩) આ રીતે, જાહેરાત કરાયેલ કુલ જગાની સંખ્યાના ૨૦% ની પ્રતીક્ષા યાદી રહેશે. આ પ્રતીક્ષા યાદી, સરકાર દ્વારા આ અર્થે બહાર પાડવામાં આવેલા સંબંધિત નિયમો અનુસાર અમલમાં રહેશે.

૧૩. પસંદગી યાદી અને પ્રતીક્ષા યાદી તૈયાર કરવા બાબત.-

(૧) પરીક્ષામાં દરેક ઉમેદવારને, છેલ્લે મળેલા કુલ ગુણના આધારે, આયોગ-એ ગુણવત્તા ક્રમમાં સફળ ઉમેદવારોની પસંદગીની યાદી તૈયાર કરવી જોઇશે અને તે ક્રમમાં, આયોગ-એ તેને તેની ભલામણ સાથે સરકારને મોકલવી જોઇશે.

(૨) આયોગ-એ સરકારની માંગણી પર વધુ ઉમેદવારોની ભલામણ કરવા માટે, સરકારની માર્ગદર્શિકા અનુસાર, સફળ ઉમેદવારોના નામ દર્શાવતી પ્રતીક્ષા યાદી પણ તૈયાર કરવી જોઇશે.

(૩) પરીક્ષાનું પરિણામ, નીચે મુજબ બે ભાગોમાં વિભાજિત કરવામાં આવશે:-

ભાગ-૧: પસંદગી યાદી - સફળ ઉમેદવારોના નામ.

ભાગ-૨: પ્રતીક્ષા યાદી - પ્રતીક્ષા યાદીમાં રાખવાના થતા ઉમેદવારોના નામ.

(૪) આયોગ-એ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો, મહિલા અને ભૂતપૂર્વ સૈનિકો માટે અનામત ખાલી જગ્યાઓની સંખ્યાના પ્રમાણમાં સફળ ઉમેદવારોના નામની ભલામણ પણ કરવી જોઇશે.

૧૪. પરીક્ષામાં હાજર ન રહેવા પર અપાત્ર ગણવા બાબત.-

પરીક્ષા માટે લાયક ઠરેલા હોય પરંતુ પરીક્ષામાં હાજર રહેવામાં નિષ્ફળ ગયા હોય તેવા ઉમેદવાર, અથવા કોઈપણ પરીક્ષાના પ્રશ્નપત્રોમાં હાજર રહેવામાં નિષ્ફળ ગયા હોય, તો તે પસંદગી માટે પાત્ર ગણાશે નહિ.

૧૫. પરીક્ષાનું પરિણામ.-

(૧) (ક) જગા પરની નિમણૂક માટે સરકારને જેમના નામની ભલામણ કરવાની હોય તેવા ઉમેદવારોનું પરિણામ, દરેક ઉમેદવારના બેઠક નંબર અને તેણે મેળવેલા કુલ ગુણ સાથે, ઉમેદવારોના ગુણવત્તાક્રમ અનુસાર ગોઠવવું જોઈશે.

(ખ) આયોગ-એ, પ્રતીક્ષા યાદીમાં રાખવાના ઉમેદવારોના નામ પ્રદર્શિત કરવા જોઇશે.

(ગ) આયોગ-એ, અસફળ ઉમેદવારોના નામ, બેઠક નંબર અને તે દરેક ઉમેદવારે મેળવેલા કુલ ગુણ સહિતનું પરિણામ પણ પ્રદર્શિત કરવું જોઈશે.

(ઘ) આયોગ-એ, સરકારને પરિણામની નકલ મોકલવી જોઇશે અને સરકારે, તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરાવવું જોઈશે.

૧૬. પરીક્ષાના ગુણની પુન:ચકાસણી બાબત.-

(૧) પરીક્ષાના પોતાના ગુણની પુન:ચકાસણી કરાવવા ઈચ્છતો હોય તે ઉમેદવાર, આયોગને, પરીક્ષાનું આખરી પરિણામ જાહેર કર્યાની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર, દરેક પ્રશ્નપત્ર દીઠ આયોગ નક્કી કરે તેટલી ફી સાથે અરજી કરી શકશે.

(૨) પરીક્ષાનું ગુણપત્રક મેળવવા ઈચ્છતો હોય તે ઉમેદવાર, આયોગને, આખરી પરિણામ જાહેર કર્યાની તારીખથી પંદર દિવસની મુદતની અંદર, આયોગને નક્કી કરે તેટલી ફી સાથે અરજી કરવી જોઇશે.

(૩) કોઈપણ સંજોગોમાં પરીક્ષાના કોઈપણ ભાગના ગુણ, આખરી પરિણામની સત્તાવાર જાહેરાત કર્યા પહેલા જાહેર કરવા જોઈશે નહિ.

૧૭. સરકારને ઉમેદવારોની યાદી મોકલવા બાબત.-

આયોગે, પરિણામની જાહેરાત થયેથી, ઉમેદવાર (વિચરતી અને વિમુક્ત આદિજાતિ અને આર્થિક રીતે નબળા વર્ગો સહિતના) અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનો હોય તો તે અને તેની જન્મ તારીખ, લાયકાતો અને સરકાર આદેશ કરે તેવી બીજી વિગતો સાથે, નિમણૂક માટે ભલામણ કરી હોય તેવા ઉમેદવારોની યાદી, મોકલવી જોઈશે.

૧૮. નિમણૂક અંગેનો કોઈ હક મળશે નહિ.-

પરીક્ષામાં માત્ર સફળ થવાથી જ ઉમેદવારને નિમણૂક અંગેનો કોઇપણ હક મળશે નહિ અને જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી, સરકારને એવી ખાતરી થાય કે તે જગા પર નિમણૂક માટે ઉમેદવાર તમામ રીતે યોગ્ય છે તે સિવાય, કોઇ ઉમેદવારની નિમણૂક કરવી જોઇશે નહિ.

૧૯. નિમણૂકનો હુકમ.-

(૧) ઉમેદવારની નિમણૂક, તે જગા માટે અમલમાં રહેલા ભરતી નિયમોની જોગવાઈઓને અધીન રહેશે.

(૨) જો ઉમેદવાર નિર્ધારિત સમયમર્યાદામાં પ્રસ્તુત કરેલ જગા પર હાજર થવામાં નિષ્ફળ જાય, તો તેનું નામ, આયોગ દ્વારા નિમણૂક માટે ભલામણ કરાયેલ ઉમેદવારોની યાદીમાંથી કમી કરવામાં આવશે.

૨૦. તબીબી પરીક્ષણ.-

પસંદ થયેલા ઉમેદવારે, સરકારે આ અર્થે કરેલા સંબંધિત નિયમો અનુસાર, તબીબી યોગ્યતાની પરીક્ષા પાસ કરવાની રહેશે.

૨૧. જગા પર હાજર થવા બાબત.-

સંબંધિત જગા પર નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારોએ, નિમણૂક હુકમ મળ્યાની તારીખથી 30 દિવસની અંદર તેમની સ્થળ-નિમણૂક પર હાજર થવું જોઇશે. જો ઉમેદવાર ૩૦ દિવસની અંદર તેમની સ્થળ-નિમણૂક પર હાજર થાય નહિ, તો તેનો નિમણૂક હુકમ રદ કરવામાં આવશે. તેમછતાં, જો એવું સ્થાપિત થાય કે ઉમેદવાર, તેના નિયંત્રણ બહારના કારણોસર ૩૦ દિવસની અંદર સ્થળ-નિમણૂક પર હાજર થઇ શક્યો નથી, તો સક્ષમ સત્તાધિકારી, લેખિતમાં કારણોની નોંધ કરીને, ૩૦ દિવસની મુદત પૂરી થયા પછી પણ આવા ઉમેદવારને સ્થળ-નિમણૂક પર હાજર થવાની મંજૂરી આપી શકશે. તેમછતાં, આવા ઉમેદવારની સિનિયોરીટી, તે સંદર્ભમાં સરકારી આદેશો અનુસાર નક્કી કરવામાં આવશે.

૨૨. શિસ્તવિષયક પગલાં.-

આયોગે જે ઉમેદવારને,-

(૧) કોઈપણ રીતે પોતાની ઉમેદવારી માટે ટેકો મેળવવા માટે;

(૨) ખોટું વ્યક્તિત્વ ધારણ કરવા માટે;

(૩) કોઈ વ્યક્તિને ખોટું વ્યક્તિત્વ ધારણ કરાવવા માટે;

(૪) બનાવટી દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો રજૂ કરવા માટે;

(૫) ભૂલવાળા અથવા ખોટા હોય તેવા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે;

(૬) પરીક્ષા માટેની પોતાની ઉમેદવારીના સંબંધમાં, બીજા કોઇ નિયમ વિરુદ્ધના (અનિયમિત) અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે;

(૭) પરીક્ષા દરમિયાન ગેરવાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે;

(૮) લખાણોમાં અર્થહીન (બેહૂદી) ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અસંગત (અપ્રસ્તુત) બાબત લખવા માટે;

(૯) પરીક્ષા ખંડમાં બીજી કોઈ રીતે ગેરવર્તણૂક કરવા માટે;

(૧૦) પરીક્ષાના સંચાલન માટે આયોગ-એ કામે રાખેલ કર્મચારીવર્ગને હેરાન કરવા અથવા શારીરિક રીતે નુકસાન કરવા માટે;

(૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા તે પૈકીના કોઇપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથાપ્રસંગ, તેમાં મદદગારી કરવા માટે; અથવા

(૧૨) પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશ- પ્રમાણપત્ર સાથે ઉમેદવારોને આપવમાં આવેલી કોઇપણ સૂચનાનો ભંગ કરવા માટે, તેના ઉપર ફોજદારી કામ ચલાવવા ઉપરાંત, તે -

(ક) આયોગ દ્વારા, તે જે પરીક્ષા માટે ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવવાને; અથવા

(ખ) (૧) આયોગ-એ યોજવાની થતી સીધી પસંદગી માટેની કોઇ પરીક્ષામાં અથવા રૂબરૂ મુલાકાત (ઇન્ટરવ્યુ)માં ઉપસ્થિત રહેવામાંથી; અથવા

(૨) રાજ્ય સરકાર દ્વારા તેની હેઠળના કોઇ રોજગારમાંથી,

કાયમી ધોરણે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત થવાને પાત્ર થશેઃ

પરંતુ ઉમેદવારને તે, તે અર્થે જે કંઇ રજૂઆત કરવા ઇચ્છતો હોય તેની તક આપ્યા સિવાય, ખંડ (ક) અથવા ખંડ (ખ) હેઠળની કોઇપણ શિક્ષા તેને કરવી જોઈશે નહિ; અથવા

(ગ) જો તે અગાઉથી સરકારી સેવામાં હોય, તો યોગ્ય નિયમો હેઠળ શિસ્તવિષયક પગલાંને પાત્ર થશે.

૨૩. પરીક્ષા ખંડમાં અમુક સાધનોનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ.-

ઉમેદવારને સેલ્યુલર ફોન, કેલ્ક્યુલેટર, પેજર (સંદેશા-વાહક) અથવા અન્ય કોઇ ઇલેક્ટ્રોનિક સંદેશાવ્યવહારના સાધનો પોતાની સાથે લઇ જવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

૨૪. અપવાદ.– આ નિયમોમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ નિયમોના આરંભ પહેલાં અગાઉના નિયમો હેઠળ શરૂ કરવામાં આવેલ કોઇ કાર્યવાહી, કોઈ હોય, તો તે પૂરી ન થાય ત્યાં સુધી, તે (કાર્યવાહી) કાયદેસર ગણાશે.

## પરિશિષ્ટ

## (જુઓ નિયમો ૪ અને ૫)

**પરીક્ષાની યોજના (રૂપરેખા)**

ભાષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, ભાષાંતરકાર અથવા સંશોધન મદદનીશ, વર્ગ ૩-ની જગા પર ભરતી માટેની લેખિત પરીક્ષામાં, નીચે દર્શાવ્યા પ્રમાણે ત્રણ પ્રશ્નપત્રોનો સમાવેશ થશે:

| પ્રશ્નપત્ર ક્રમાંક | વિષય | ગુણ | સમય |
|---|---|---|---|
| પ્રશ્નપત્ર૧- | ગુજરાતી | ૧૦૦ | ૨ કલાક |
| પ્રશ્નપત્ર૨- | અંગ્રેજી | ૧૦૦ | ૨ કલાક |
| પ્રશ્નપત્ર૩- | હિન્દી | ૧૦૦ | ૨ કલાક |

નોંધ:

(૧) ઉપરના પ્રશ્નપત્રો માટેનું ધોરણ, પદવી (ડિગ્રી) પરીક્ષાના ધોરણનું હોવું જોઈશે.

(૨) ભાષાંતરનું ભારણ ૪૦% કરતાં ઓછું હોવું જોઈશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**સુનિલ સલુજા,**

સરકારના ઉપસચિવ.

----------

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૯મી સપ્ટેમ્બર, ૨૦૨૫ ના જાહેરનામા ક્રમાંક: કેવી/૨૦૨૫નો ૩૨૪ યુડીયુએચડી/ઇઓએમ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૫/૫૦૩૯/એમ -ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**રાજેશ આર. રાઠોડ,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Under***

**The Gujarat Municipalities Act, 1963**

**ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ**

**જાહેરનામું**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૯મી સપ્ટેમ્બર, ૨૦૨૫

**ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.**

**ક્રમાંકઃ કેવી/૨૦૨૫નો ૩૨૪ યુડીયુએચડી/ઇઓએમ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૫/૫૦૩૯/એમઃ-** સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ન-ના ખંડ (૨) અને અનુચ્છેદ ૨૪૩ધ ના ખંડ (ઘ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૨૧-મી ઓગસ્ટ, ૨૦૨૫-ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીવી/૨૦૨૫નો ૩૦૦ યુડીયુએચડી/ઇઓએમ/ઇ-ફાઇલ/૧૮/૨૦૨૫/૫૦૩૯/એમ સેકશન થી, કડોદરા નગરપાલિકાના વિદ્યમાન સ્થાનિક હદોમાં અમુક વિસ્તારોનો સમાવેશ કર્યો છે.

અને વસતી ગણતરી-૨૦૧૧ના આધારે જાહેર કર્યા પ્રમાણેના કડોદરા નગરપાલિકાના વિસ્તારોની વસતીના આંકડા અનુસાર તેમજ ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમો ૬ અને ૭ની જોગવાઈઓને પણ ધ્યાનમાં રાખીને, વોર્ડની સંખ્યા અને કાઉન્સિલરની બેઠકો તેમજ અનુસૂચિત જાતિઓ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે અનામત રાખવાની બેઠકોની સંખ્યા સુનિશ્ચિત કરવી જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૭-ની પેટા-કલમ (૨) અને કલમ ૬-ની પેટા-કલમો (૨) અને (૩) થી મળેલી સત્તાની રૂએ અને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૧૭-મી ઓગસ્ટ, ૨૦૨૪-ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ કેવી/૨૦૨૪નો ૨૭૨ યુડીયુએચડી/એમડબલ્યુડી/ઇ-ફાઇલ/૧૮/૨૦૨૪/૩૦૫૭/એમ.- ૨૬ કરીને, ગુજરાત સરકાર, આથી, નીચે પ્રમાણે નક્કી કરે છે:-

(૧) કડોદરા નગરપાલિકાના વિસ્તારો, સાત (૭) વોર્ડમાં વિભાજિત થશે અને નગરપાલિકા અઠ્ઠાવીસ (૨૮) કાઉન્સિલરની બનશે:

(૨) કાઉન્સિલરની અઠ્ઠાવીસ (૨૮) બેઠકોમાંથી,-

(૧) એક (૧) બેઠક, અનુસૂચિત જાતિઓની વ્યક્તિ માટે અનામત રહેશે;

(૨) એક (૧) બેઠક, અનુસૂચિત આદિજાતિઓની વ્યક્તિ માટે અનામત રહેશે;

(૩) આઠ (૮) બેઠકો, પછાત વર્ગોની વ્યક્તિઓ માટે અનામત રહેશે, જેમાંથી ચાર (૪) બેઠકો પછાત વર્ગોની સ્ત્રી માટે અનામત રહેશે;

(૪) ચૌદ (૧૪) બેઠકો, અહીં ઉપર ઉલ્લેખ્યા પ્રમાણે સ્ત્રીઓ (પછાત વર્ગોની સ્ત્રીઓ માટેની અનામત રાખેલી બેઠકોની સંખ્યા સહિત) માટે અનામત રહેશે.

અપવાદ: આ જાહેરનામાના કોઈપણ મજકૂરથી, આ જાહેરનામાના આરંભ પહેલા, કડોદરા નગરપાલિકાના વોર્ડ અને બેઠકો નક્કી કરવાના સંબંધમાં કરવામાં આવેલા કોઈ કૃત્યને અસર થશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**મનીષ સી. શાહ,**

સરકારના નાયબ સચિવ.

----------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.01.22 18:50:24 IST